**ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ. એ. ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૮૮/૨૦૨૦.**

**: આંક–૩૮ ની દસ્તાવેજો માંગતી અરજી લગત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે ૬ કામદારોની સર્વિસ રેકર્ડ શીટની નકલ તથા સંસ્થાના નાણાં ખાતાના પરિપત્ર નં.૮ તા.૨૧/૦૪/૨૦૧૬ અંતર્ગત અન્ય કામદારોને ચુકવાયેલ લાભ અંગે ઈજનેર વિભાગ દ્વારા કમિશ્નરશ્રીની મંજૂરી માંગવામાં આવેલી અરજી/ફાઈલની નકલ મેળવવા માટે અરજીમાં જણાવેલ કારણોસર સંસ્થા તે દસ્તાવેજો રજૂ કરે તે માટે આ અરજી કરેલ છે.

**૨.** સામાવાળાએ સદર અરજીનો આંક–૩૯ થી વિગતવાર જવાબ રજૂ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર આર.ટી.આઈ. એકટ અન્વયે આ દસ્તાવેજો મેળવી શકે છે. જેથી વૈકલ્પિક દાદ ઉપલબ્ધ હોય કોર્ટમાં આ પ્રકારની અરજી કરી શકે નહિ. નગરપાલિકાએ કયા દસ્તાવેજો કેટલો સમય રાખવા તે અંગેના નીતિ નિયમો છે. માંગેલ દસ્તાવેજો કેસ સાથે સબંધ ધરાવતા ન હોવા છતાં વ્યાજબી કારણ વિનાં આ માંગણી કરેલ છે. જેથી અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૩.** બીજા પક્ષકાર તરફે પ્રતિનિધીશ્રીએ તેમની અરજી મુજબની દલીલ કરેલ છે. સંસ્થા તરફે વિ.વ.શ્રીએ તેમના જવાબ મુજબની રજૂઆત કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, નાણાં ખાતાનાં પરિપત્ર નં.૮ નિ.૧૩/૧ થી રજૂ કરી દીધેલ છે. આંક–૧૩ ના લીસ્ટથી રજૂ કામદારોના કબૂલાતનામાં ધ્યાને લેતાં રેકર્ડ શીટની જરૂરીયાત રહેતી નથી. વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે સરતપાસના સોગંદનામા રજૂ કર્યા બાદ વર્ષો જૂના દસ્તાવેજોની માંગણી સંસ્થાને હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઉદ્દેશથી કરેલ હોય આ અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

**૪.** ઉભય પક્ષકારોની રજૂઆત અને રેકર્ડ ધ્યાને લીધું. સંસ્થાએ આંક–૧૩

ના લીસ્ટથી રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. આ રેફરન્સ સબંધિત કામદારોને આપવામાં આવેલ ઈજાફા અચાનક બંધ કરી નવો ગ્રેડ–પગાર આપી નુકશાન કરી તેઓના કપાત કરેલા ઈન્ક્રીમેન્ટના નાણાંનું એરીયર્સ બીલ બનાવી ચુકવણું કરી આપવું કે કેમ ? તેમજ અન્ય કામદારોને સરકયુલર નં.૮ મુજબ ચુકવેલ લાભો આ કામદારોને આપવા કે કેમ ? તે માટે તેના ન્યાય નિર્ણય અર્થે મોકલી આપેલ છે. આ માટે માંગેલ દસ્તાવેજો આ કેસના ન્યાય નિર્ણય માટે મહત્વના અને જરૂરી છે તેમજ તે દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં રહેતાં હોય તેઓ આ દસ્તાવેજો રજૂ કરી શકે તેમ છે. કામદારોના સર્વિસ રેકર્ડ શીટની નકલ જે તે કામદારને આપવામાં આવતી હોય કે આપેલ હોય તેવી સંસ્થાની કોઈ રજૂઆત નથી. તે સંજોગોમાં આ રેફરન્સનો ગુણદોષ ઉપર યોગ્ય રીતે ન્યાય નિર્ણય કરવા માટે માંગેલા દસ્તાવેજો જરૂરી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** બીજા પક્ષકારની **આંક–૩૮** ની અરજી "**મંજૂર**" કરવામાં આવે છે. સામાવાળા સંસ્થાને માંગેલ દસ્તાવેજોની નકલ આવતી મુદ્દત તારીખ સુધીમાં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો તે અંગેનું જવાબદાર અધિકારીનું સોગંદનામું આવતી મુદ્દતે રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૯/૦૮/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.
**CODE-GJ00883**

H.M.PRAJAPATI P.A.